


‘આયુષ્માન ભારત’ યોજનામાં ડબલ લાભ આપવા સરકારનો વિચાર

વાંચો પેજ નં. 3

RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઈન

RNI No.: GUJGUJ/2023/87652

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 09 July 2024, Tuesday | Page : 10 | Year : 1 | Issue : 225 | Price: 2/-

# પેપર તો લીક થયું છેઃ સુપ્રીમ


- પેપર લીક થયા તે સેન્ટર્સની માહિતી આપવા ગઝઅને સુપ્રીમનો આદેશ
- બે લોકોની ગેરરીતિના કારણે આખી પરીક્ષા રદ્દ ન કરી શકાયઃ CJI ડી.વાય. ચંદ્રચૂડ

ભારત હેડલાઈન, તા.૮

મેડિકલ એન્ટ્રન્સ પરીક્ષા NEET-2024 વિવાદ પર સુપ્રીમ કોર્ટમાં સોમવારે ૮ જુલાઈએ ૨ કલાક ૨૦ મિનિટ સુધી સુનાવણી થઈ હતી. કોર્ટે NTAને ગેરરીતિઓનો લાભ ઉઠાવનારા ઉમેદવારોની માહિતી આપવા અને CBIને અત્યાર સુધીની તપાસ અંગે અપડેટ આપવા જણાવ્યું છે. સાથે જ NTAમાં સુધારો કરવા માટે રચાયેલી નિષ્ણાત સમિતિ વિશે કેન્દ્ર સરકાર પાસેથી માહિતી માંગવામાં આવી છે. આ ઉપરાંત રિએક્ઝામની માંગણી કરતા અરજીકર્તાઓ પાસેથી વધુમાં વધુ ૧૦ પાનાનો એકીકૃત અહેવાલ માગવામાં આવ્યો છે. કોર્ટે કહ્યું કે દરેક વ્યક્તિ બુધવારે સાંજે ૫ વાગ્યા સુધીમાં પોતાના જવાબો રજૂ કરે. સુનાવણી દરમિયાન CJI ચંદ્રચુડે કહ્યું, ‘એ સ્પષ્ટ છે કે પેપર લીક થયું છે.’ પ્રશ્ન એ છે કે તેનો વ્યાપ કેટલો મોટો છે. એ સમજવું જરૂરી છે કે પેપર લીકનું પ્રમાણ કેટલું વ્યાપક છે. માત્ર બે લોકોની ભૂલને કારણે આખી પરીક્ષા રદ કરી શકાતી નથી. અમે જાણવા માગીએ છીએ કે પેપર લીકના આરોપીઓને ઓળખવા માટે NTA અને સરકાર દ્વારા અત્યાર સુધી શું પગલાં લેવામાં આવ્યા છે.

## એક સાથે ૩૮ અરજીઓ પર સુનાવણી

કોર્ટ એક સાથે ૩૮ અરજીઓ પર સુનાવણી કરી રહી છે. તેમાંથી ૩૪ અરજીઓ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કોચિંગ સંસ્થાઓ દ્વારા દાખલ કરવામાં આવી છે, જ્યારે ૪ અરજીઓ નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા દાખલ કરવામાં આવી છે.



# જમ્મુમાં સેનાના વાહન પર આતંકવાદી હુમલો

## 4 જવાન શહીદ, 6 ઘાયલઃ બે દિ’માં બીજો હુમલો



ભારત હેડલાઈન, તા.૮

જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લાના બિલવરમાં સોમવારે આતંકીઓએ સેનાના વાહન પર હુમલો કર્યો હતો. આ ઘટના લોહી મલ્હાર બ્લોકના માચેરી વિસ્તારના બદનોટા ગામમાં બની હતી. અત્યાર સુધી પ્રાપ્ત માહિતી અનુસાર, ચાર જવાન શહીદ થયા છે અને છ જવાન ઘાયલ થયા છે.

પોલીસ અને સુરક્ષા દળોની સંયુક્ત ટીમ મછેડી વિસ્તારમાં સર્ચ કરી રહી હતી. સર્ચ દરમિયાન આતંકીઓએ તેમના પર ફાયરિંગ કર્યું હતું. વિસ્તારમાં વધુ સુરક્ષા દળો મોકલવામાં આવ્યા છે. બે મહિનામાં સેનાના વાહન પર આ બીજો આતંકવાદી હુમલો છે. જ્યારે બે દિવસમાં સેના પર આ બીજો હુમલો છે. ગઈ કાલે રવિવારે સૈન્ય ચોકી પર હુમલો થયો હતો.

**દેશમાં અત્ર તત્ર સર્વત્ર વરસાદ!**

# મુંબઈમાં 12 ઈંચ, ઉત્તરાખંડમાં પૂર

ભારત હેડલાઈન, તા.૮

ચોમાસુ હવે આખા દેશભરમાં જામી ગયું છે. મોટાભાગના રાજ્યોમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ શરૂ કરી છે. મુંબઈ, ઉત્તરાખંડ, આસામ, ગોવા અને રાજસ્થાન સહિત દેશના અનેક ભાગોમાં ભારે વરસાદ નોંધાયો હતો.

મુંબઈમાં મોડી રાતે ૬ કલાકમાં ૧૨ ઈંચ મેહુલિયો વરસી જતાં ચારેકોર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. રાજ્યના સીએમ એકનાથ શિંદેએ છેવટે લોકોને અપીલ કરવી પડી કે વધારે જરૂરી હોય તો જ લોકોએ ઘરથી બહાર નીકળવું. ભારે વરસાદને પગલે મુંબઈની જીવાદોરી ગણાતી લોકલ ટ્રેનના પૈડા પણ થંભી ગયા હતા. અનેક ટ્રેનો કેન્સલ કરવી પડી હતી. ટ્રેનના પાટાઓ પણ દેખાતા નહોતા. જાણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. રોડ પર નદીઓ વહેતી દેખાઈ હતી.

ઉત્તરાખંડમાં પણ મેઘરાજા મન મૂકીને વરસ્યા હતા. અહીં વરસાદ જાણે આફત બનીને વરસ્યો. હતો. રુદ્રપુરમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી જેના પગલે એસડીઆરએફની ચાર ટીમ તહેનાત કરીને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. અનેક બોટનો ઉપયોગ કરીને લોકોને સુરક્ષિત સ્થાને ખસેડવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. ઉધમસિંહ નગર અને ચંપાવત જિલ્લાની વાત કરીએ તો ત્યાં તો છેલ્લા ૨૪ કલાકથી વરસાદ વરસી રહ્યો હોવાના અહેવાલ આવ્યા હતા. અત્યાર સુધી ૪૫થી વધુ લોકોને સુરક્ષિત સ્થાને પહોંચાડાયાની માહિતી છે.



ઉત્તરાખંડ




મુંબઈ

# રાજકોટ અગ્નિકાંડમાં સાગઠિયા જ 'ગુનેગાર', IAS-IPSને ક્લિનચીટ!

## અગ્નિકાંડની તપાસનું કોકડું વાળી દેવાયું?!

## હવે હાઈકોર્ટ કોઈ આદેશ ન આપે તો માત્ર સાગઠિયા, ફાયર ઓફિસર સહિતના અત્યાર સુધીમાં પકડાયેલાં અધિકારીઓમાં જ તપાસ પૂરી થઈ જવાના સંકેત



ભારત હેડલાઈન, તા.૮

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ત્રણ-ત્રણ તપાસ સમીતીઓનું ગઠન કરવામાં આવ્યું હોવા છતાં ઉચ્ચ અધિકારીઓને કોઈ આંચ આવી નથી અને કોઈનો વાળ પણ વાંકો થવાનો ન હોય તેવા સંકેત છે. રાજકોટના સસ્પેન્ડેડ ટીપીઓ સુધી જ તપાસ કેન્દ્રીત કરીને બાકીના આઈએએસ-આઈપીએસ જેવા સીનીયર અધિકારીઓને કલીનચીટ આપી દેવાનો તખ્તો તૈયાર થઈ ગયો હોવાના નિર્દેશ છે. રાજકોટના અગ્નિકાંડની તપાસ માટે સરકાર દ્વારા ત્રણ કમીટીઓ રચવામાં આવી હતી. એક લોકલ સીટ, બીજી ગાંધીનગરથી રચાયેલી સીટ અને ત્રીજી સત્યશોધક સમીતી એમ ત્રણેય કમીટીઓએ સરકારને તપાસ રિપોર્ટ સોંપી દીધા છે.

એમ કહેવાય છે કે ત્રણમાંથી એકપણ કમીટીએ દુર્ઘટના પાછળ ઉચ્ચ અધિકારીઓની જવાબદારી બનતી હોવાનું કે તેઓ દોષીત સાબીત થતા હોવાનું તારણ દર્શાવ્યું નથી તેના આધારે આઈએએસ-આઈપીએસ જેવા સીનીયર અમલદારોને કલીનચીટ આપી દેવામાં આવી છે. સરકાર દ્વારા જો કે એક પણ કમીટીનો સતાવાર રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી અને માત્ર અદાલતમાં જ સોંપવામાં આવ્યો છે. હવે રિપોર્ટના આધારે હાઈકોર્ટ સરકારના કે ઉચ્ચ અધિકારીઓના કાન ખેંચે તો અલગ વાત છે અન્યથા સમગ્ર અગ્નિકાંડની તપાસ રાજકોટના સસ્પેન્ડેડ ટીપીઓ સાગઠીયા અને અત્યાર સુધીમાં પકડાયેલા અધિકારીઓ સુધીમાં જ પૂર્ણ કરી લેવામાં આવશે. રાજકોટના અગ્નિકાંડને દોઢ મહિના જેવો સમય વીતી ગયો છે. સરકાર અને સરકાર નિયુક્ત કમીટીઓના વડાઓ દ્વારા એકથી વધુ વખત એમ કહેવામાં આવ્યું હતું કે દુર્ઘટનામાં દોષિત કોઈને પણ છોડવામાં નહીં આવે. તપાસ સમીતીઓને દુર્ઘટનામાં કોની જવાબદારી બનતી હોવાનું દર્શાવવા કહેવામાં આવ્યું હતું. તપાસ સમીતીઓ દ્વારા મ્યુ.કોર્પોરેશન, ફાયરબ્રિગેડ, પોલીસતંત્ર તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની જવાબદારી ફિકસ થતી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું અને તેના આધારે જુદા જુદા વિભાગોના એક ડઝનથી વધુ અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી હતી. પરંતુ હવે તપાસ સીનીયર અધિકારીઓ સુધી પહોંચાડવામાં આવી નથી અને અત્યારના તબકકે જ તપાસનો સંકેલો થઈ ગયો હોવાના સંકેતો મળી રહ્યા છે. રાજ્ય સરકારના ટોચલેવલના સૂત્રોએ નામ નહી દેવાની શરતે એમ જણાવ્યું હતું કે તપાસ સમીતીના રિપોર્ટમાં મોટાભાગે આઈએએસ-આઈપીએસ જેવા અધિકારીઓને દોષિત ગણાવવામાં આવ્યા નથી. હાઈકોર્ટ કેસની સુનાવણી દરમ્યાન કોઈ આકરી સૂચના આપે તો ખાતાકીય તપાસનો આદેશ થઈ શકે છે અન્યથા તપાસ વર્તમાન તબકકે જ પૂર્ણ ગણી લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ અગ્નિકાંડની તપાસના રિપોર્ટ ગુજરાત હાઈકોર્ટને સોંપી દેવામાં આવ્યા છે. હાઈકોર્ટે સુઓમોટો સર્જી લઈને આ દુર્ઘટનાનો કેસ કર્યો છે. રિપોર્ટ આવી જવાને પગલે આ કેસની સુનાવણી આગામી ૨૫મી જુલાઈના રોજ રાખવામાં આવી છે.

# એમ.ડી.સાગઠીયાના ભાઈને ગાંધીનગરની સીટીપીઓ કચેરીમાંથી હટાવતી સરકાર

ભારત હેડલાઈન, તા.૮

રાજકોટ ગેમઝોનના અગ્નિકાંડમાં રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયાના કરતૂતો હવે તેમના અધિકારી ભાઈને પણ બચાવી શકે તેમ નથી. સરકારે મોડે મોડે શંકાના દાયરામાં રાખીને કેડી સાગઠીયાને ચીફ ટાઉન પ્લાનિંગ કચેરીમાંથી દુર કર્યા છે. મનસુખ સાગઠીયા સામે એન્ટી કરપ્શન બ્યુરોની તપાસ ચાલી રહી છે. રાજકોટના મહાભ્રષ્ટ અધિકારી અને પૂર્વ ટીપીઓ એમ. ડી. સાગઠીયાએ કાળી કમાણી કરીને કરોડો રૂપિયાની મિલકતો વસાવી છે. તેમને સીટીપી ઓફિસમાં એડિશનલ ચીફ ટાઉન પ્લાનર તરીકે ફરજ બજાવતા તેમના ભાઈ કેડી સાગઠીયાનો કઈ કઈ ફાઈલમાં ઉપયોગ કર્યો છે તેની તપાસ થઈ શકે છે. હાલ તો કેડી સાગઠીયાને સીટીપી માંથી ઉઠાવીને જીઆઈડીબીમાં મૂકવામાં આવ્યા છે અને તેમનો હવાલો બીજા અધિકારીઓને સોંપી દેવામાં આવ્યો છે. મનસુખ સાગઠીયાના ભાઈ કેડી સાગઠીયા ગાંધીનગરની ચીફ ટાઉન પ્લાનિંગની કચેરીમાં લાંબા સમયથી ફરજ બજાવે છે. તેમને સરકારે સૌરાષ્ટ્ર વિસ્તારનો હવાલો સોંપ્યો હતો. મનસુખ સાગઠીયાની તપાસનો રેલો હવે તેમના ભાઈ સુધી પહોંચી રહ્યો છે. સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીઓ તેમની અને તેમની મિલકતોની તપાસ કરી શકે છે. બીજીતરફ સરકાર ડિપાર્ટમેન્ટલ ઈન્કવાયરીના ઓર્ડર પણ કરી શકે છે.

# ‘આયુષ્માન ભારત’ યોજનામાં ૧૦ લાખ સુધી ફ્રી સારવાર આપવા સરકારનો વિચાર

ભારત હેડલાઇન, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રની NDA સરકાર આ મહીને પૂર્ણ બજેટ રજૂ કરશે. આ વખતે દેશમાં ગઠબંધનની સરકાર બની છે, તો લોકોને તેને લાભ થવાની આશા છે. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, સરકાર આ બજેટમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) અને આયુષ્માન ભારત યોજના અંગે કંઈ મોટું એલાન કરી શકે છે. એક અહેવાલ પ્રમાણે કેન્દ્ર આયુષ્માન ભારત યોજના હેઠળ કવરેજ લિમિટને ૫ લાખથી વધારવાનો વિચાર કરી રહી છે.

એક અહેવાલ પ્રમાણે NDA સરકાર આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના લાભાર્થીઓની સંખ્યા અને વીમા રકમ બંનેને વધારવા પર વિચાર કરી રહી છે. તેમાં સૂત્રોના હવાલે કહેવામાં આવ્યું છે કે, યોજના હેઠળ લાભાર્થીઓને મળતી કવરેજ લિમિટને ૫ લાખથી વધારીને ૧૦ લાખ રૂપિયા પ્રતિ વર્ષ કરવાની તૈયારી છે. અહેવાલ પ્રમાણે NDA સરકાર આગામી ત્રણ વર્ષમાં તેની મુખ્ય આયુષ્માન ભારત સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા બમણી કરવા પર વિચાર કરી રહી છે. જો સરકાર આગામી ત્રણ વર્ષમાં AB-PMJAY હેઠળ લાભાર્થીઓની સંખ્યાને વધારીને બમણી કરવાનું એલાન કરે તો દેશની બે તૃતીયાંશથી વધુ વસ્તીને આરોગ્ય કવર મળી શકશે. અહેવાલમાં સૂત્રોએ જણાવ્યું કે સરકાર આ મામલે એટલા માટે વિચારણા કરી રહી છે કારણ કે સારવાર પર થતો જંગી ખર્ચ પરિવારોને દેવાની જાળમાં ધકેલવાનું સૌથી મોટા કારણમાંથી એક છે.

તેમણે કહ્યું કે આને ધ્યાનમાં રાખીને સરકાર આયુષ્માન યોજનાના કવરેજની રાશિની લિમિટને વર્તમાન ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવાના પ્રસ્તાવને અંતિમ રૂપ આપવા પર પણ વિચારણા કરી રહી છે.

## સરકારી તિજોરી પર વધશે બોજ

કેન્દ્ર સરકાર આ મહિને સામાન્ય બજેટ રજૂ કરવા જઈ રહી છે અને તેના માટે તારીખ ૨૩ જુલાઈ નક્કી કરવામાં આવી છે.



આ બજેટમાં આ પ્રસ્તાવો અથવા તેના કેટલાક ભાગો જાહેર કરવામાં આવે તેવી અપેક્ષા છે. અહેવાલ પ્રમાણે જો આ પ્રસ્તાવોને મંજૂરી મળી જાય તો પછીનેશનલ હેલ્થ ઓથોરિટી દ્વારા તૈયાર કરાયેલા અંદાજ પ્રમાણે સરકારી તિજોરી પર દર વર્ષે ૧૨,૦૭૬ કરોડ રૂપિયાનો વધારાનો બોજ પડશે. અન્ય એક સૂત્રએ કહ્યું કે ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકો સહિત આ યોજના હેઠળ લગભગ ૪-૫ કરોડ વધુ લાભાર્થી સામેલ થશે.

# ફૂડ પેકેટ પર હવે ખાંડ, મીઠું, ચરબીની ડિટેલ મોટા અક્ષરોમાં લખવી પડશે

## FSSAIએ લાગુ કર્યા નવા નિયમ

ભારત હેડલાઇન, તા.૮

ભારતમાં ખાદ્ય પદાર્થોની ગુણવત્તા પર નજર રાખનારી સંસ્થા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)એ પેકેજ્ડ ફૂડ આઈટમ વેચતી કંપનીઓ માટે નવા દિશા નિર્દેશ જારી કરવાનો નિર્ણય કર્યો છે. FSSAI પેકેટ વાળા ખાદ્ય પદાર્થોમાં મીઠું, ખાંડ અને સેચ્યુરેટેડ ફેટ વિશે જાણકારીને બોલ્ડ અક્ષરોમાં છાપવાને જરૂરી બનાવવાની તૈયારી કરી રહ્યું છે.

૬ જુલાઈએ થયેલી બેઠકમાં FSSAIએ આ નિર્ણય લીધો છે કે પેકેજ્ડ ફૂડ આઈટમમાં હવે પોષણ સંબંધિત તમામ જાણકારી જેમ કે મીઠું-ખાંડનું પ્રમાણ વગેરેને યોગ્યરીતે લેબલ કરવું જરૂરી છે. FSSAIએ એ સ્પષ્ટ કરી દીધું છે કે પોષણ સંબંધિત જાણકારીને બોલ્ડ લેટર્સમાં છાપવાની સાથે જ હવે કંપનીઓને તેને મોટા ફોન્ટમાં પણ છાપવી પડશે. આ માટે



FSSAI તરફથી ડ્રાફ્ટ નોટિફિકેશન જારી કરવામાં આવશે. મામલા પર તમામ પક્ષો તરફથી પ્રસ્તાવની મંજૂરી લેવામાં આવશે.

આ મામલે ડ્રાફ્ટ નોટિફિકેશન જારી કરીને ફૂડ રેગ્યુલેટર તમામ પક્ષોથી તેમના સૂચન માગશે. તમામ સૂચનમાંથી અમુકને તેમાં સામેલ કરવામાં આવશે. તે બાદ નોટિફિકેશન જારી કરીને તેને કાયદો બનાવી દેવામાં આવશે. FSSAIએ પોતાની ૪૪મી મીટિંગમાં ચેરમેન અપૂર્વ ચંદ્રાની હાજરીમાં આ નિર્ણય લીધો છે.

FSSAIએ નિવેદન આપતાં કહ્યું કે નિયમોમાં ફેરફાર ગ્રાહકોના હિતને જોતાં કરવામાં આવી રહ્યો છે. તેનાથી ગ્રાહકોને કોઈ પણ પ્રોડક્ટની ન્યૂટ્રિશનલ વેલ્યૂને સમજવામાં મદદ મળશે. તે સમજી શકશે કે તેમને તે પ્રોડક્ટ ખરીદવી છે કે નહીં. આ સાથે જ તેનાથી ખાણી-પીણીની સાથે જોડાયેલી બીમારીઓને રોકવામાં પણ મદદ મળશે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા થોડા મહિના પેકેજ્ડ ફૂડ આઈટમ્સમાં મીઠું અને ખાંડના પ્રમાણને લઈને વિવાદ ચાલી રહ્યો છે. લાંબા સમયથી આ માગ કરવામાં આવી રહી હતી કે કંપનીઓ ખાંડ, મીઠું અને ટ્રાન્સ ફેટ જેવી જરૂરી જાણકારીઓને બોલ્ડ અક્ષરોમાં પેકેજ્ડ ફૂડ આઈટમ પર નોંધે. તેનાથી ગ્રાહકોને ખાદ્ય પદાર્થોની ન્યૂટ્રિશનલ વેલ્યૂ વિશે જાણકારી મેળવવામાં મદદ મળશે

# ભારત-રશિયા શિખર સંમેલનમાં ભાગ લેવા મોસ્કો પહોંચ્યા PM મોદી



ભારત હેડલાઇન, તા.૮

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનના આમંત્રણ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ ૮ જુલાઈ અને ૯ જુલાઈ એમ રશિયાના બે-દિવસીય પ્રવાસ પર છે. અહીં વડાપ્રધાન રશિયાના રાષ્ટ્રપતિ સાથે ૨૨માં ભારત-રશિયા વાર્ષિક સંમેલનમાં ભાગ લેશે. સંમેલનમાં ભાગ લેવા વડાપ્રધાન મોદી મોસ્કો પહોંચ્યા છે. જ્યાં એરપોર્ટ પર રશિયાના પ્રથમ ઉપ-વડાપ્રધાન ડેનિસ મંટુરોવે તેમનું સ્વાગત કર્યું હતું તેમજ તેમને ગાર્ડ ઓફ ઓનરથી પણ સન્માનિત કરાયા હતા. રશિયાના સંમેલનમાં ભાગ લીધા બાદ વડાપ્રધાન મોદી ઓસ્ટ્રીયાની મૂલાકાતે પણ જશે. વડાપ્રધાન મોદી ભારત-રશિયા શિખર સંમેલનમાં ભાગ લેવા મોસ્કો પહોંચ્યા છે. જ્યાં એરપોર્ટ પર તેમનું રશિયાના પ્રથમ ઉપ-વડાપ્રધાન ડેનિસ મંટુરોવે ભવ્ય સ્વાગત કર્યું હતું. ઉપરાતં એરપોર્ટ પર તેમના સ્વાગતમાં રશિયાનું રાષ્ટ્રગાન પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વડાપ્રધાનને ગાર્ડ ઓફ ઓનરથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# કુંવરજી બાવળીયાને મુખ્યમંત્રી બનાવવાની માગ

## કોળી સમાજે વડાપ્રધાન મોદીને લખ્યો પત્ર

## કુંવરજીભાઈના કહેવાથી લોકોએ ભાજપને મત આપ્યાઃ ભુપત ડાભી

ભારત હેડલાઇન, તા.૮

કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાને મુખ્યમંત્રી બનાવવા માટેની માગ કરવામાં આવી છે અને કોળી સમાજના અગ્રણીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. ત્યારે આ મામલે કોળી સમાજના આગેવાન ભુપત ડાભીએ નિવેદન આપતા કહ્યું કે કોળી સમાજમાં સર્વ કરીને અમે વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે.



તમને જણાવી દઈએ કે ભુપત ડાભી કોળી સમાજના ભવનાથ જગ્યાના પ્રમુખ છે. તેમને કહ્યું કે અમે રાજ્યના ૩૬ જિલ્લામાં સર્વે કર્યો અને કુંવરજીભાઈના કહેવાથી લોકોએ ભાજપને મત આપ્યા છે. કુંવરજીભાઈ મુખ્યમંત્રી બનશે તો ભાજપ વધુ મજબૂત બનશે અને અમે ભાજપને વધુ મજબૂત બનાવવા માટે વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ૨૬૫ સરપંચ કોળી સમાજના છે અને જિલ્લા અને તાલુકા પંચાયતમાં પણ કોળી સમાજના ચૂંટાયેલા સભ્યો વધુ છે. ત્યારે કુંવરજીભાઈ જેવા નિષ્ઠાવાન વ્યક્તિ મુખ્યપ્રધાન બને તો ભાજપ વધુ મજબૂત થાય કારણ કે કુંવરજીભાઈ જેવો ભણેલો ગણેલો અને નિષ્ઠાવાન કોઈ વ્યક્તિ જ નથી. આ સમગ્ર મુદ્દે કુંવરજી બાવળીયાએ કહ્યું કે મારા તરફથી આવી કોઈ માગણી કરવામાં આવી નથી. આ વાત પાયાવિહોણી છે. કોઈ હિતેચ્છુએ આ પ્રકારની વાત કરી નથી. કોને કયુ પદ આપવુ તે હાઈકમાન્ડ નક્કી કરે છે.

# દુબઈથી સોનાની હેરાફેરી કરતા ૪ની ધરપકડ, ૬૪ લાખનો મુદ્દામાલ જપ્ત

## આરોપીઓ ટ્રાવેલ બેગની અંદર ગોલ્ડની પેસ્ટ બનાવીને સોનું સુરતમાં ઘુસાડતા

ભારત હેડલાઇન, તા.૮

દુબઈથી સુરત સોનાની હેરાફેરી કરતા એક મહિલા સહિત ૪ શખ્સ ઝડપાયા છે. આરોપીઓ ટ્રાવેલ બેગની અંદર ગોલ્ડની પેસ્ટ બનાવીને સોનું સુરતમાં ઘુસાડતા હતા. એરપોર્ટ પર ગોલ્ડ ડિટેક્ટ ન થાય તે માટે ખાસ કેમિકલ એકવારીઝિયા આરોપીઓ વાપરતા હતા. જોકે તેમ છતાં પણ સોનાની હેરાફેરી કરતી ગેંગ એરપોર્ટ પર આવતા સુરત SOGએ ઝડપી પાડી હતી.

સમગ્ર ઘટના બહાર લાવવા માટે ઘરેણાં બનાવનાર કારીગર પાસે પેસ્ટની તપાસ કરાવી હતી, કારીગરે પેસ્ટ ઓગાળ્યું તો રૂપિયા ૬૪,૮૯,૦૦૦નું ૯૨૭ ગ્રામ સોનું નીકળ્યું હતું. આ સાથે ગોલ્ડ સ્મગલિંગ કરતા એક દંપતી સહિત તમામ આરોપીઓ માંગરોળના વતની છે. જ્યારે મળેલી માહિતી અનુસાર ૧ મહિલા સહિત ૪ શખ્સ દુબઈથી ગોલ્ડ સ્મગ્લિંગ કરી સુરત એરપોર્ટ બહારથી આવતા આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓનો ગોલ્ડ સ્મગ્લિંગ માટે નવો કીમિયો સામે આવ્યો હતો.



ટ્રાવેલ બેગની અંદર પેસ્ટ બનાવીને ગોલ્ડ દુબઈથી ફ્લાઈટ થકી સુરત લઈ આવ્યા હતા. બેગની અંદરથી પેસ્ટના માધ્યમથી મળ્યું હતું. જ્યારે પોતાના જ ઓફિસમાં સોનાના ઘરેણાં બનાવનાર કારીગરને બોલાવીને પેસ્ટની તપાસ કરાવી તો ગોલ્ડ નીકળ્યું હતું. તમામનું વજન કરતા કુલ ૯૨૭ ગ્રામ ગોલ્ડ આરોપીઓ દુબઈથી સુરત લઈને આવી ગયા અને એરપોર્ટ પર કોઈને તેની જાણ સુધી થઈ નથી. આ

### ગોલ્ડ સ્મગલિંગ કરતા દંપતી સહિત તમામ આરોપીઓ માંગરોળના વતની


ગોલ્ડની કિંમત ૬૪,૮૯,૦૦૦ રૂપિયા માનવામાં આવી રહી છે. સમગ્ર મામલે પોલીસે જણાવ્યું હતું કે બેગની અંદર તેઓ એક સોનાનો લેયર બનાવતા. એકવારીઝિયા કરીને એક કેમિકલ તે વાપરતા હતા. આ કેમિકલ સ્પ્રે કરવાથી સોનું મેટલ ડિટેક્ટરની અંદર ડિટેક્ટ થતું નથી. ચોક્કસ વાતની જાણ હોય ત્યારે જ આ સોનું પકડાવાના ચાન્સીસ છે નહીં તો સહેલાઈથી એરપોર્ટથી નીકળી શકાય છે.

બેગની રેકઝીનના પાછળ જે રેક હોય છે તેને પીગળવામાં આવ્યા ત્યારે જ સોનું મળ્યું હતું. રેકઝીનની પાછળ એક પેપર ટાઈપ સોનું રાખી તેની પર કાળા રંગનું કાપડ ચડાવી દેતા હતા. તમામ આરોપીઓ સુરત ગ્રામ્ય માંગરોળના વતની છે. આરોપી નઈમ સાલેહ, ઉમેમાં સાલેહ પતિ પત્ની છે. જેઓ કેરિયર તરીકે પકડાયા છે. તેમને લેવા મોકલનારનું નામ અબ્દુલ છે અને તે રોકાણ કરનાર છે. ફિરોઝ નુર કરીને ડ્રાઈવર છે, આ તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ સોનું દુબઈથી જે વ્યક્તિ પાસેથી લાવ્યા છે તે અંગેની પણ તપાસ ચાલી રહી છે. જે રીતે ફિનિશિંગ છે તેનાથી લાગે છે કે અગાઉ પણ આ લોકો આવી જ રીતે સોનું સુરત લઈને આવ્યા છે. તેમના રિમાન્ડ મેળવીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે સાથે તેઓએ કહ્યું હતું કે દંપતી કેરિયર છે.

## ખોરાકમાંથી જીવાત નીકળવાનો સિલસિલો હજુ પણ યથાવત્

# જામનગરમાં હવે મસાલા પાપડમાંથી નીકળી ઈયળ





### વિશાલ ઈન્ટરનેશનલ હોટેલનો બનાવ

ભારત હેડલાઇન, તા.૮

બહારનું ચટપટુ ખાવાના શોખીનો ચેતજો. બહારના ખોરાકમાંથી જીવાત અને અન્ય વસ્તુઓ નીકળવાનો સિલસિલો યથાવત છે. હવે જામનગરની વિશાલ ઈન્ટરનેશનલ હોટેલમાંથી મસાલા પાપડમાંથી ઈયળ નીકળી હોવાની જાણકારી મળી છે.

જામનગરની વિશાલ ઈન્ટરનેશનલ હોટેલમાં મસાલા પાપડમાંથી ઈયળ નીકળી હતી, ત્યારબાદ ગ્રાહકે આરોગ્ય વિભાગમાં ફરિયાદ કરી હતી અને આરોગ્ય વિભાગની ટીમ દ્વારા હોટલમાં તપાસ કરવામાં આવી પણ હોટલના રસોડામાં કોઈ વાંધાજનક મળી આવ્યું નહતું. ઉલ્લેખનીય છે કે જામનગરની હોટેલો અને ફૂડ પેકેટમાંથી અખાદ્ય ખોરાક તેમજ જીવાત નીકળવાનો સિલસિલો યથાવત છે. થોડા દિવસ પહેલા જ છાશવાળા પાર્લરના આઈસ્ક્રીમમાંથી જીવાત નીકળી હતી. તેમજ ગ્રાહકે ખરીદેલા આઈસક્રીમમાંથી જીવાત નીકળતા લોકો ચોંકી ગયા હતા. જેમાં જીવાત નીકળતા ગ્રાહકે ફૂડ વિભાગને જાણ કરી હતી. ત્યારે ફૂડ વિભાગે પાર્લર સંચાલકને રૂપિયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

# રાજકોટમાં આવતીકાલે ખાણીપીણી બંધ

- **TRP ગેમઝોન અગ્નિકાંડ બાદ સીલિંગ સામે વિરોધ; હોટલ, રેસ્ટોરાં, બેંકવેટ હોલ અને પાર્ટીપ્લોટના સંચાલકો જોડાશે**

ભારત હેડલાઈન, તા.૮

૨૫મી મે ૨૦૨૪ના રોજ રાજકોટ TRP ગેમઝોન અગ્નિકાંડ થયો હતો. ત્યારબાદ રાજ્ય સરકારની સૂચનાથી દરેક જગ્યા પર હોટલ, રેસ્ટોરાં, બેંકવેટ હોલ અને પાર્ટીપ્લોટ સામે કાર્યવાહી કરાઈ હતી. આ એકમોને નોટિસ આપ્યા વગર સીલિંગની કરવામાં આવતી કામગીરી સામે વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. જેની સામે વિરોધના ભાગ રૂપે આગામી ૧૦ જુલાઈ ૨૦૨૪ને બુધવારના રોજ રાજકોટમાં તમામ હોસ્પિટાલિટી સાથે સંકળાયેલા હોટલ, રેસ્ટોરાં, બેંકવેટ હોલ અને પાર્ટીપ્લોટના સંચાલકો દ્વારા બંધ પાડી વિરોધ નોંધાવવામાં આવશે.રાજકોટના રેસ્ટોરાં સંચાલક મેહુલ પટેલે જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકા ટીમ દ્વારા હોટલ, રેસ્ટોરાં, બેંકવેટ હોલ અને પાર્ટીપ્લોટ ઉપર ધોંસ બોલાવી કોઈ પણ નોટિસ વગર એકમોને સીધા સીલ કરી દેવામાં આવી રહ્યા છે, જેના કારણે મોટું નુકસાન થઇ રહ્યું છે. નિયમ મુજબ નોટિસ પાઠવી ફાયર મામલે ખૂટતી સુવિધા પર્યાપ્ત કરવા તમામ લોકો બંધાયેલા છીએ, પરંતુ સમય આપ્યા વગર સીધા એકમો સીલ કરી દેવામાં આવતા અમારે ન છૂટકે વિરોધમાં ઉતરવું પડી રહ્યું છે.

તેમને વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટમાં હોટલ, રેસ્ટોરાં, બેંકવેટ હોલ અને પાર્ટીપ્લોટ સહિત નાના મોટા ૧૦૦૦ જેટલા એકમો આવેલા છે, જે બધા લોકો સાથે મળી નિર્ણય કરવામાં આવ્યો છે કે, આગામી તારીખ ૧૦ જુલાઈ ૨૦૨૪ના રોજ સવારના ૬ વાગ્યાથી બીજા દિવસ સવારના ૬ વાગ્યા સુધી બધા જ લોકો ધંધારોજગાર બંધ પાડી વિરોધમાં જોડાશે.

રાજકોટના કાલાવડ રોડ પર સયાજી હોટલ પાસે TRP ગેમ ઝોનમાં ૨૫ મેને શનિવારે સાંજે સાડાપાંચ વાગ્યા આસપાસ ભીષણ આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમો અને તાલુકા પોલીસ સ્ટેશનની ટીમો દોડી ગઈ હતી. ફાયરબ્રિગેડની ટીમોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. બાદમાં અંદર સર્ચ કરતાં એક પછી એક એમ ૨૭ મૃતદેહ મળ્યા હતા. માત્ર ૫૫ મિનિટમાં જ ૨૪ મૃતદેહ સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. મૃતદેહની હાલત એવી થઈ ગઈ કે ડીએનએ ટેસ્ટથી ઓળખ મેળવવા પરિવારજનોનાં સેમ્પલ એર એમ્બ્યુલન્સથી ગાંધીનગર એરલિફ્ટ કરવાની નોબત આવી હતી. પુરાવાનો નાશ કરવા રાજકોટ મનપાનાં પાંચ જેસીબી કામે લાગ્યાંની ઘટનાના ૨૪ કલાકમાં જ આખા ગેમ ઝોનને ધ્વસ્ત કરી દેવામાં આવ્યો છે. ગેમ ઝોનની જગ્યા હાલ મેદાનમાં ફેરવાઈ ગઈ છે. ગેમ ઝોન ધ્વસ્ત થયા પછી પણ માનવઅંગો મળ્યાં, જેને સિવિલ હોસ્પિટલ ડીએનએ રિપોર્ટ માટે ખસેડાયાં હતાં.



## ફાયર સિસ્ટમ ઈન્સ્ટોલ કરવા પણ સીલ ખોલવું જરૂરી

અમારી માગ એક જ છે કે, રાજકોટ મનપા ટીમ દ્વારા અમને યોગ્ય સમય આપવામાં આવે અને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે. ઘણા બધા એકમોમાં ફાયર માટેના સાધનો ઉપલબ્ધ છે, પરંતુ ખૂટતા સાધનો પરિપૂર્ણ કરવા અમે બંધાયેલા છીએ. પરંતુ આ માટે અમને સમય આપવામાં આવે. કારણ કે એકમોને સીધા સીલ કરવાથી અમને આર્થિક પણ નુકસાન થઇ શકે તેમ છે અને ફાયર સિસ્ટમ ઇન્સ્ટોલ કરવા પણ સીલ ખોલવું જરૂરી બની છે જે માટે કનડગતતા થઇ રહી છે.

---

**CBIની ટ્રેપમાં ઝડપાયેલો CGSTનો ઈન્સ્પેકટર રિમાન્ડ પર**

# ટ્રેપ દરમિયાન રૂ.૨.૫૦ લાખનું કવર લઈને નાસી જનાર વચેટીયાને ઝડપવા CBIએ ચક્રો ગતિમાન કર્યા

ભારત હેડલાઈન, તા.૮

તાજેતરમાં રાજકોટ CGSTના ડિવિઝન-૨નો ઈન્સ્પેકટર નવીન ધાનકરને ગાંધીનગર CBIએ રૂ.૨.૫૦ લાખના લાંચ કેસમાં ઝડપી લીધા બાદ ઈન્સ્પેકટરે રૂ.૨.૫૦ લાખનું કવર તેના વચેટીયા કસ્લટન્ટને આપી દીધું હતું અને તે કવર લઈને નાસી જતા આજ દિન સુધી CBIના સકંજામાં આવ્યો નથી ત્યારે તેને ઝડપી પાડવા CBIએ વધુ તપાસ હાથ ધરી છે અને ઈન્સ્પેકટરને ૫ દિવસના રીમાન્ડ પર લેવામાં આવ્યો છે.

રાજકોટ CGSTમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે તે વાત નવી નથી અને પછી તે સર્ચ હોય કે અન્ય લીગલી કામ હોય તો પણ રૂપિયા આપવા જ પડે છે. અમદાવાદની એક પાર્ટી દ્વારા જામનગરમાં બ્રાસ સ્ક્રેપનું ટ્રેડીંગ કરવામાં આવી રહ્યું હતું અને તે રાજકોટ કમિશનોરેટના જયુરીડીકશનમા આવતું હોય. તેથી, ડિવિઝન-૨ના ઈન્સ્પેકટર નવીન ધાનકરે પાર્ટીને દબાવી તમે બે નંબરી કામ કરો છો તેમ કહી GST નંબર રદ કરવાની ધમકી આપી રૂ.૨.૫૦ લાખની માંગ કરવામા આવી હતી. જો કે, પાર્ટી આ રકમ આપવા માંગતી ન હોય જેથી CBIનો સંપર્ક કરી ટ્રેપ કરાવી હતી જેમાં ઈન્સ્પેકટર સકંજામાં આવી ગયો હતો.

CBI દ્વારા ઈન્સ્પેકટરની વિશેષ તપાસ પૂછપરછ કરવામાં આવતા ઈન્સ્પેકટર દ્વારા પાર્ટીને દર મહિને રૂ.૨.૫૦ લાખનો હપ્તો આપવાનું પણ નક્કી કરવામા આવ્યું હતું અને આ માટે તેને તેના મળતિયા કન્સલ્ટ સાથે ઓળખ પણ કરાવી આપવામા આવી હતી અને કહ્યું કે, હવે મને મળવાનું નહીં બલકે જે નક્કી કરેલ છે તે રકમ આ કન્સલ્ટને આપી દેવાની પણ આ હપ્તા સિસ્ટમ શરૂ થાય તે પહેલા CBIએ ખેલ ઉંધો પાડી દીધો હતો અને પહેલી જ વખતમાં ઈન્સ્પેકટરને લાંચ કેસમાં ઝડપી પાડ્યો હતો.છેલ્લા લાંબા સમયથી રાજકોટ CGSTમાં કમિશનર છે નહીં ભાવનગરના કમિશનરને ચાર્જ આપવામા આવ્યો છે અને તેઓ સપ્તાહમાં માત્ર એક દિવસ જ આવે છે. હાલ એડીશનલ કમિશનોરેટ ચલાવી રહ્યા છે ત્યારે કર્મચારીઓને મોકળુ મેદાન મળી ગયુ હોય તેમ માનવામાં આવી રહ્યું છે.



### વ્યાજખોરો સામે સરકાર આકરા પાણીએ

# વ્યાજના વિષચક્રમાંથી પ્રજાને મુક્તિ અપાવવા ચાલી રહી છે કાર્યવાહી, ૨૨૬ વ્યાજખોર સામે ૧૩૪ ફરિયાદ



ભારત હેડલાઇન, તા.૮

વ્યાજખોરો અને તેના વિષચક્રમાં ફસાઈ ચૂકેલા સામાન્ય નાગરિકોને આ ચુંગાલમાંથી મુક્ત કરાવવા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની સુચનાથી ગુજરાત પોલીસ દ્વારા રાજ્યભરમાં તમામ શહેર-જીલ્લામાં નાણાં ધીરધાર અધિનિયમ-૨૦૧૧ અંતર્ગત ખાસ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે. ૨૧મી જૂન ૨૦૨૪થી શરૂ થયેલી આ ખાસ ઝૂંબેશ આગામી ૩૧મી જુલાઈ ૨૦૨૪ સુધી સમગ્ર રાજ્યમાં હાથ ધરવામાં આવી રહી છે. આ અંતર્ગત તમામ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા લોક દરબાર યોજી સંબંધિત પ્રશ્નો અંગે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

રાજ્યભરમાં વ્યાજખોરો વિરુદ્ધ ચાલી રહેલી આ સ્પેશિયલ ડ્રાઇવમાં અત્યાર સુધીમાં ૧૩૪ FIR દાખલ કરવામાં આવી છે. જેમાં ૨૨૬ આરોપીઓ સામે ગુનાઓ દાખલ થયા છે. પોલીસે શરૂ કરેલી કાર્યવાહીથી અનેક નાગરિકોના જીવન બચ્યાં છે તો અનેકને પોતાની ફસાઈ ચૂકેલી જીવનભરની મૂડી પરત મળી છે. અનધિકૃત એકપણ વ્યાજખોર પોલીસની કડક કાર્યવાહીથી બચે નહિ અને કોઈ નિર્દોષ વ્યક્તિ સામે ખોટો કેસ ન થઇ જાય તેની ખાસ તકેદારી સાથે સમગ્ર કાર્યવાહી કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા ગુજરાત પોલીસને સૂચના આપવામાં આવી છે.

મુખ્યમંત્રી અને ગૃહરાજ્યમંત્રી દ્વારા પોલીસ અધિકારીઓને સ્પષ્ટ સુચના આપવામાં આવી છે કે, આ ડ્રાઇવનો ઉદ્દેશ માત્ર ફરિયાદોની સંખ્યા કરવાનો નથી. પરંતુ ગ્રાહ્ય ફરિયાદોને જ નોંધવામાં આવે અને તેના આધારે કડકપણે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે. સાથે સાથે જે અરજદાર પાસેથી વ્યાજખોરે ખોટી રીતે નાણા પડાવ્યા હોય તે નાણા પણ પરત અપાવવાનો અભિગમ છે. ૨૧મી જુનથી અત્યાર સુધીમાં રાજ્યભરમાં યોજાયેલા ૫૬૮ લોકદરબારમાં ૩૨ હજારથી વધુ નાગરિકો જોડાયા છે. આ લોક દરબારમાં વ્યાજખોરોના ચુંગાલમાં ફસાયેલા નિર્દોષ લોકોએ પોલીસ સમક્ષ પોતાની વ્યથા ઠાલવી છે. આ લોકદરબારમાં પોલીસ મહાનિરીક્ષક, પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના ઉચ્ચ અધિકારીઓએ વ્યાજખોરોના દબાણથી પરેશાન નાગરિકોની વેદના ખૂબ જ ધ્યાનથી સાંભળી અને તેઓ લોકોની વચ્ચે ગયા ને તેમની ફરિયાદોના નિકાલ માટે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરી છે.

## સી.જે. ગ્રુપ દ્વારા બાળકોને સ્કૂલબેગ અને ફુલસકેપ ચોપડાનું કરાયું વિતરણ







ભારત હેડલાઇન, તા.૮

સી.જે. ગ્રુપ રાજકોટ દ્વારા આનંદ નગર વિસ્તારમાં ચાલતા બાળસંસ્કાર કેન્દ્રમાં જરૂરિયાત મંદ બાળકોને સ્કૂલબેગ અને ફુલસકેપ ચોપડાનું દાતા પરીવારના સહયોગથી વિતરણ કરવામાં આવેલ હતું.

### ચોમાસામાં આજથી શરૂ થતાં લગ્નના ૬ જ મુહૂર્ત

## રાજકોટમાં વરસાદના વિઘ્ન વચ્ચે ૩ હજાર લગ્ન, ૩ માસ બાદ મુહૂર્ત હોવાથી મુશ્કેલી

■ ઉનાળામાં ૪૦ના સ્થાને એકપણ લગ્નના મુહૂર્ત નહોતા



ભારત હેડલાઇન, તા.૮

આ વર્ષે લગ્નનાં મુહૂર્તો ઓછા હોવાથી લગ્નના તાંતણે બંધાવવા માંગતા યુવક-યુવતીઓને દિવસો સુધી સારા મુહૂર્તની રાહ જોવી પડી રહી છે. રાજકોટના શાસ્ત્રી અને વેદાંત રત્ન તરીકે ઓળખાતા રાજદીપ જોષીના કહેવા મુજબ, આ વર્ષે ગુરુ-શુક્રનો અસ્ત હોવાથી ઊનાળામાં ૪૦ના સ્થાને એક પણ લગ્નનાં મુહૂર્ત આ વર્ષે નહોતા. હવે ચોમાસામાં ૯ જુલાઈથી લગ્નનાં મુહૂર્ત શરૂ થઈ રહ્યા છે. જેમાં પણ ૬ જ મુહૂર્ત હોવાથી વાડીઓ, કોમ્યુનિટી હોલમાં હાઉસફૂલની સ્થિતી છે. પાર્ટી પ્લોટમાં લગ્નમાં હવે વરસાદનો ડર રહેશે. તેમ છતાં પણ લગ્નનાં ૬ મુહૂર્તમાં રાજકોટ શહેરમાં ૧,૫૦૦ તો જિલ્લામાં ૩,૦૦૦ જેટલાં લગ્નો થશે. બાદમાં ૩ માસ બાદ દિવાળીમાં એટલે કે નવેમ્બર માસમાં લગ્નનાં મુહૂર્ત શરૂ થશે.

વેદાંત રત્ન શાસ્ત્રી રાજદીપ જોષીએ જણાવ્યું હતું કે, અષાઢ સુદ ત્રીજને મંગળવાર તા. ૯ જુલાઈ ૨૦૨૪ના દિવસથી લગ્નના મુહૂર્તોની શરૂઆત થશે. આ વર્ષે ગુરૂ-શુક્રના અસ્તના લીધે ઉનાળામાં મે તથા જૂન મહિનામાં લગ્નના મુહૂર્તો જ ન હતા, પરંતુ હવે ૯ જુલાઈ મંગળવારથી ૬ જેટલા લગ્નના મુહૂર્તો છે. જુલાઈ મહિનાના લગ્નના મુહૂર્તો તા. ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૪ અને ૧૫ના છે. ત્યારબાદ તા. ૧૭ જુલાઈના બુધવારે દેવ પોઢી એકાદશી છે અને જ્યોતિષના નિયમ પ્રમાણે દેવપોઢી જાય એટલે લગ્ન થઈ શકતા નથી. આથી આ વર્ષે હવે માત્ર ૬ લગ્નના મુહૂર્તો છે. જેથી જુલાઈ માસમાં માત્ર ૬ દિવસમાં જ તમામ લગ્નો થઈ શકશે બાદમાં ત્રણ માસ બાદ એટલે કે નવેમ્બર માસમાં લગ્નનું મુહૂર્ત આવે છે.

# ગેરકાયદે બાંધકામો ઈમ્પેકટમાં મંજુર છતાં જોખમી

# મહાપાલિકા દ્વારા નામંજુર કરવા કરાશે વિચારણા

## ડીએમસીની કમીટી મીટીંગમાં ૮૦ સ્થળોએ ડોમ, સેલરમાં બાંધકામ સહિતના મુદ્દે કરાઈ ચર્ચા : ઈમ્પેકટ ફી પરત આપી આવા બાંધકામો દૂર કરાવવા હાથ ધરાશે કવાયત !?




ભારત હેડલાઇન, તા.૮

રાજકોટ શહેરમાં ૨૫ મેના બનેલ ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ રાજ્ય સરકાર દ્વારા ફાયર એનઓસી ચકાસવા તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનને સુચના આપવામાં આવી હતી. જેના અનુસંધાને મનપા દ્વારા પણ શહેરના વિવિધ વિસ્તારોની શાળા, કોલેજો, હોસ્પિટલો, મોલ તથા કોમર્શિયલ જગ્યાઓ પર ફાયર એનઓસી અંગે તાબડતોબ ચેકીંગ કરી સીલ મારવા સહિતના પગલા લેવામાં આવ્યા હતા. મનપા દ્વારા શહેરભરમાં કુલ ૬ કેટેગરીમાં ચકાસણી હાથ ધરવામાં આવી હતી અને જો એકમ પાસે ફાયર એનઓસી ન હોય તેને સીલ મારી એનઓસી લેવા જણાવાયું હતું. ફાયર એનઓસીને મંજુર કરવા કે ન કરવા અંગે નિર્ણય લેવા માટે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કક્ષાના ૩ સભ્યોની કમિટિ પણ રચવામાં આવી હતી. હાલ મનપાની કમીટી સમક્ષ ૮૦ જેટલા એવા શાળા, કોલેજો, હોસ્પિટલ વગેરે ધ્યાને આવ્યા છે, જેમાં ડોમ બનાવવામાં આવ્યા હોય અથવા સેલરમાં બાંધકામ કરી કોમર્શિયલ ઉપયોગ કરવામાં આવતો હોય. જો કે આ એકમો દ્વારા મનપામાં ઈમ્પેકટ ફી ભરી બાંધકામ રેગ્યુલરલાઈઝ કરાવી લેવાયાનું જણાવતા દ્વિધા ઉભી થઈ છે. સૂત્રો માંથી મળતી માહિતી મુજબ જે તે સમયે ઈમ્પેકટ ફી ભરી બાંધકામ નિયમિત કરાયા હોય પણ મનપા પાસે સત્તા છે કે ઈમ્પેકટ કી પરત કરી આવા જોખમી બાંધકામો હટાવી શકાય છે. ત્યારે હવે કમિટિ દ્વારા આ પ્રકારે નિર્ણય લેવા અંગે પણ ચર્ચા ચાલતી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. મનપાની કમિટિ દ્વારા અમુક કેસમાં તપાસ ચાલુ છે. આવનાર સમયમાં કમીટી દ્વારા નક્કર અને નમુનારૂપ પગલા લઈ એક દાખલો બેસાડવામાં આવે તેવી લોક લાગણી પણ ઉઠી રહી છે.

# રાજકોટમાં કોલેરાનો વધુ એક કેસઃ મરડો પણ દેખાયો

- **પાણીજન્ય રોગચાળો પ્રસરતા ચિંતા : લોહાનગરની દોઢ વર્ષની બાળાને કોલેરાનું નિદાન : ડેંગ્યુના શંકાસ્પદ કેસ પણ વધવા લાગ્યા**

ભારત હેડલાઇન, તા.૮

રાજકોટમાં ગત સપ્તાહે વોર્ડ નં.૭ના લોહાનગર વિસ્તારમાંથી કોલેરાનો કેસ મળી આવ્યા બાદ આરોગ્ય વિભાગે શંકાસ્પદ ઝાડા-ઉલ્ટીના ૭ જેટલા દર્દીઓના સેમ્પલ લીધા હતા.

જેમાંથી વધુ એક બાળકીને કોલેરા પોઝીટીવનું નિદાન થતા સારવાર માટે પીડીયુ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. તો ચાલુ ૨૦૨૪ના વર્ષમાં પ્રથમ વખત મરડાનો પણ પાણીજન્ય કેસ બહાર આવ્યો હતો. શહેરમાં બે વર્ષ બાદ કોલેરા દેખાતા કોર્પો. તંત્રને કમિશ્નરે એલર્ટ પર મૂકયું છે.

તો રાજય સરકારનો આરોગ્ય વિભાગ પણ આરોગ્યની સ્થિતિ અંગે નિયમિત રીપોર્ટીંગ લઈ રહ્યો છે.

મનપાએ આજે રોગચાળાના સાપ્તાહિક આંકડા જાહેર કર્યા હતા. તેમાં કોલેરાનો બીજો કેસ આવ્યાનું જાહેર કરાયું છે. આ અંગે આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણીનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે લોહાનગરમાં ગત સપ્તાહે છ વર્ષના બાળકને કોલેરાનું નિદાન થયું હતું. આ બાદ આરોગ્ય વિભાગની ટીમોએ વિસ્તારમાં સર્વે કરતા ઝાડા-ઉલ્ટીના ૬ કેસ ધ્યાન પર આવ્યા હતા.

આ દર્દીઓના સેમ્પલ લઈને પરીક્ષણમાં મોકલવામાં આવતા ઉપરોકત બાળકના મકાનથી માત્ર ત્રણ મકાન દુર રહેતા પરિવારની દોઢ વર્ષની બાળાને પણ કોલેરાનું નિદાન આવ્યું છે. જોકે સારવાર સાથે બાળકીની તબીયત સારી છે છતાં કોઈને ચેપ ન લાગે અને તબીયત પર ધ્યાન રહે તે માટે બાળકીને ઓબ્ઝર્વેશનમાં પીડીયુ હોસ્પિટલ ખાતે રાખવામાં આવી છે.

દરમ્યાન ચાલુ સીઝનમાં મરડાનો પ્રથમ કેસ બહાર આવ્યો છે. એક દર્દીને મરડાનું નિદાન થયું છે. તો ટાઈફોઈડના પણ ચાર કેસ બહાર આવ્યા છે.

ચાલુ સપ્તાહે ખતરનાક તાવ ડેંગ્યુના કોઈ નવા દર્દી નોંધાયા નથી પરંતુ અમુક ખાનગી હોસ્પિટલમાં શંકાસ્પદ ડેંગ્યુના કેસ આવવા લાગ્યાનું ખાનગી દવાખાનાઓમાંથી જાણવા મળ્યું છે. અનેક કેસમાં બાટલા ચડાવવા સહિતની પ્રાથમિક સારવાર પણ અનુભવી ડોકટરો શરૂ કરી દે છે. લેબોરેટરીમાં પણ આ ટેસ્ટીંગ વધી ગયા છે.

# મુંબઈમાં ભારે વરસાદને પગલે રાજકોટની બે ફલાઈટ રદ્દઃ એક વિમાન મોડું પડ્યું



ભારત હેડલાઇન, તા.૮

મુંબઈમાં ભારે વરસાદને પગલે જનજીવન પર અસર પડી છે આ ઉપરાંત વાહન વ્યવહાર અને માર્ગ વ્યવસ્થા પણ ઠપ્પ થઈ છે. અતિ ભારે વરસાદને કારણે આજ સવારની એર ઈન્ડિયાની એક ફલાઈટ મોડી પડી હતી અને ઈન્ડિગોની બે ફલાઈટ મુંબઈથી રદ્દ કરવામાં આવી છે. મુંબઈમાં ભારે વરસાદને કારણે એર ઈન્ડિયાની સવારે ૭.૩૦ કલાકની ફલાઈટ ૧૫ મીનીટ મોડી લેન્ડ થઈ હતી અને ઈન્ડિગોની સવારે ૮.૩૦ કલાક અને ૧૧.૫૦ કલાકની ફલાઈટ કેન્સલ કરવામાં આવી છે. જેને કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. બે ફલાઈટ રદ થતા મુસાફરો અટવાયા હતા. વાતાવરણ સામાન્ય થયા બાદ નવી ફલાઈટ મુંબઈથી ઉપડશે. ભારે વરસાદને કારણે વાતાવરણની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ઈન્ડિગો દ્વારા મુંબઈથી રાજકોટ આવતી બે ફલાઈટ રદ્દ કરવાનો નિર્ણય કરાયો હતો. આથી આજ સવારની બે ફલાઈટ રદ કરવામાં આવી. હાલ મુંબઈમાં વરસાદ ધીમો પડયો છે. પરંતુ હજુ વાતાવરણ સ્વચ્છ થતા સમય લાગશે. આથી મુસાફરોની સલામતીને ધ્યાનમાં લઈ સવારની બે ફલાઈટ રદ કરવામાં આવી. એર ઈન્ડિયાની સવારની ૭.૩૦ કલાકની ફલાઈટ ૧૫ મીનીટ મોડી પડી હતી.

# રાજકોટ જિલ્લામાં રૂ.૫૧.૮૫ કરોડના વિકાસ કામો હાથ ધરાશે

## જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગના કામને કારોબારીમાં બહાલીઃ જિલ્લામાં નવા ૭ પશુ દવાખાના બનાવાશે



ભારત હેડલાઇન, તા.૮

રાજકોટ જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક સમિતીના અધ્યક્ષ પી.જી. કયાડાની અધ્યક્ષતામાં મળેલ હતી. જેમાં મંચ પર ડી.ડી.ઓ. ડો. નવનાથ ગવ્હાણે, ડે. ડી.ડી.ઓ. ઈલાબેન ગોહિલ, ગોસ્વામી, પંચાયતના પૂર્વ પ્રમુખ ભુપત બોદર હાજર રહયા હતા. રાજકોટ જિલ્લા પંચાયતની ખાસ કારોબારી સમિતિની બેઠક કારોબારી ચેરમેન પી.જી. કયાડાના અધ્યક્ષ સ્થાને મળતા રૂ. ૫૧.૮૫ કરોડના કામો મંજુર કરાયેલ હતા. બેઠકની અધ્યક્ષતા ચેરમેન પી.જી. કયાડાએ સંભાળી હતી. ડી.ડી.ઓ. ડો. નવનાથ ગવ્હાણે, ડે. ડી.ડી.ઓ. ઈબાબેન ગોહિલ, પૂર્વ પ્રમુખ ભુપત બોદર વગેરે મંચ પર હાજર રહયા હતા. પંચાયત શાખા માટે ૨ નવા કોમ્પ્યુટર તેમજ સ્કેનર-કમ-પ્રિન્ટર ખરીદવા રૂ.૩,૦૦,૦૦૦/- સુધીના ખર્ચ તેમજ પંચાયત વિકાસ સુચકાંક અંગે યોજાયેલ રિજિઓનલ વર્કશોપમાં જમવા અંગેના બીલ કુલ રૂ.૪૩,૦૬૫/-ની મંજુરી એમ કુલ રૂ.૩,૪૩,૦૬૫/- ના ખર્ચની મંજુરી આપવામાં આવેલ હતી. મહેસુલ શાખા માટે ૧ નવુ કોમ્પ્યુટર તેમજ ૧ નવુ પ્રીન્ટર ખરીદવા રૂ.૧,૫૦,૦૦૦/- સુધીના ખર્ચ તેમજ વિંછીયા તાલુકાના ભોંયરા ગામના અરજદાર ખીમાભાઈ લાખાભાઈ બાવળીયાએ જાહેર હરરાજીથી લીધેલ પ્લોટની ૩/૪ રકમ ભરવા મુક્ત કોન્ડોન કરવા અંગેની મંજુરી આપવામાં આવેલ હતી. જમીન દબાણ શાખા માટે નવા કમ્પ્યુટર સેટ તથા નવા પ્રિન્ટરની ખરીદી કરવાની મંજુરી આપવામાં આવેલ હતી. રાજકોટ જિલ્લામાં બિન આદિવાસી વિસ્તારમાં ૭ (સાત) નવા પશુ દવાખાના સ્થાપવા બાબત તેમજ ત્રણ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રોના સ્થળાંતર બાબતની મંજુરી આપવામાં આવેલ હતી. જસદણ તાલુકાના ભાડલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ ક્વાર્ટર અને રાજકોટ તાલુકાના સણોસરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આવેલ સ્ટાફ ક્વાર્ટર ડિસ્મેન્ટલ કરવા બહાલી આપેલ હતી. બાંધકામના કુલ ૫ કામોના કુલ રૂ. ૩૯,૦૫,૧૦,૫૦૪ (ઓગણ ચાલીસ કરોડ પાંચ લાખ દસ હજાર પાંચસો ચાર) ના ટેન્ડર મંજુર કરવામાં આવેલ હતું. સિંચાઈના કુલ ૧૧ કામોના ટેન્ડર કુલ રૂ.૭,૬૮,૯૬,૮૫૧/- કુલ ૫ કામોની વહીવટી મંજુરી કુલ રૂ.૫.૦૫,૮૮,૦૦૦/- એકંદર મળી કુલ રૂ ૫૧,૮૪,૮૮,૪૨૦ (એકાવન કરોડ ચોર્યાસી લાખ અઠયાસી હજાર ચારસો વીસ પુરા)ના ૨૯ કામો મંજુર કરવામાં આવ્યા હતાં. યાજ્ઞિક રોડ પરની દુકાનો ખાલી કરવા ૧૪ દિ'ની આખરી મુદત આપવામાં આવેલ હતી. જિલ્લા પંચાયત હસ્તકની યાજ્ઞિક રોડ પરથી ૩ દુકાનો વેપારીઓ હસ્તક વર્ષોથી નજીવા ભાડાથી છે.

આ દુકાન ખાલી કરાવવા પંચાયતે એકથી વધુ વખત નોટીસ આપેલ હવે અઠવાડીયા પહેલા કબજેદારોને દુકાન ખાલી કરવા જિલ્લા પંચાયતે ૧૪ દિવસની મુદત સાથેની આખરી નોટીસ આપી છે. મુદત પૂરી થતા સુધીમાં તેઓ દુકાન ખાલી ન કરે તો કબ્જો લેવા પંચાયત કાનૂની કાર્યવાહી કરશે. કારોબારી બેઠકમાં ડે. ડીડીઓ ઈલાબેન ગોહીલે આ માહિતી આપી હતી. પંચાયત આ દુકાનો તોડી નવેસરથી મોટી દુકાનો બનાવી વર્તમાન દર મુજબ ભાડે આપી પંચાયતની આવકમાં નોંધપાત્ર વધારો કરવા માંગે છે તેમ જણાવાયું હતું.

# પવિત્રા સ્વ. રોજગાર કેન્દ્ર અને શ્રી ઉમા મહિલા એક્ટિવિટી રાજકોટના સંયુક્ત ઉપક્રમે વડીલોએ કરી યાત્રા




ભારત હેડલાઇન, તા.૮

પવિત્રા સ્વ રોજગાર કેન્દ્ર અને શ્રી ઉમા મહિલા એક્ટિવિટી રાજકોટના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા સિનિયર સિટીઝન માટે એક ખાસ ધાર્મિક સ્થળો પર એક દિવસીયની યાત્રા પર લઈ ગયા હતા. તેમાં ૫૫ થી ૭૦ વર્ષ સુધીના ૧૫૦ ભાઈઓ અને બહેનો બે બસમાં જોડાયા હતા. તેઓએ દર્શન સાથે અંતાક્ષરી, અનેક પ્રકારની ગેમ્સ સાથે આનંદ માણ્યો હતો. રામોદ, રૂપાવટી,ધરાઈ ખાતે બિરાજતા પુષ્ટિ પુરુષોત્તમ શ્રી બાલ મુકુંદ પ્રભુના આંગણે અલૌકિક મનોરથ રાજભોગમાં છાક મનોરથનો પણ મહા પ્રસાદ સાથે આનંદ બધા વડીલ લોકોએ માણ્યો હતો. છેલ્લે વીરપુર જલારામ બાપાને દર્શન કરી પ્રસાદનો લાભ લીધેલો હતો. વડાલીયા ગ્રુપના રાજનભાઈનો સહયોગ મળેલ હતો. ધરાઈ ખાતે પાટીદાર અગ્રણી જ્યોતીબેન ટીલવાનું સન્માન કરેલું હતું. પવિત્રા સ્વરોજગાર કેન્દ્રના પ્રમુખ જ્યોતિબેન ટીલવા, ઉમા મહિલા એક્ટિવિટીના પ્રમુખ ભાવનાબેન રાજપરા, ઉપપ્રમુખ રેખાબેન ત્રાંબડીયા, નીતાબેન ઘોડાસરા, કાંતાબેન ફળદુ, શીતલબેન દેકીવાડિયા, વર્ષાબેન મોરીએ જહેમત ઉઠાવી હતી.

# લોહાનગરમાં ૨૫ વર્ષીય કાના ઉધરેજીયાનો આપઘાત

- ઘરે પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધોઃ ત્રણ બહેનોએ એકનો એકભાઈ ગુમાવતા પરિવારમાં કલ્પાંત

ભારત હેડલાઇન, તા.૮

શહેરના લોહાનગરમાં ટેલીફોન એકસચેન્જ પાસે રહેતા ૨૫ વર્ષીય કાના ઉધરેજીયાએ પોતાના ઘરે આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી.આ અંગે પોલીસ સૂત્રો તરફથી મળેલી વિગત મુજબ કાનાભાઈ જેન્તીભાઈ ઉધરેજીયા (ઉ.વ.૨૫, રહે લોહાનગર, ટેલીફોન એકસચેન્જ પાસે, ચાર બાઈ માતાજીના મંદિર નજીક) એ પોતાના ઘરે પંખામાં ચુંદડી બાંધી ગળાફાંસો લગાવી લીધો હતો. બનાવના પગલે કલ્પાંત છવાયો હતો. પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી પરિવારજનોની પુછપરછ હાથ ધરતા જાણવા મળેલ કે, મૃતક કારખાનામાં મજુરી કરતો, ૩ બહેનનો એકનો એક ભાઈ હતો. અપિણત હતો. ૧૫ વર્ષ પહેલા તેમના પિતાનું મોત નિપજયું હતું.કાનાએ આપઘાત કર્યા તેની પ્રથમ જાણ તેની મોટી બહેન સુનીબેનને થઈ હતી. જો કે, પરિવારજનો આપઘાતના કારણથી અજાણ હોય પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર–૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ–૩૬૦૦૦૭

Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# ડો. મોનાલી માકડીયાએ સિવિલ હોસ્પિટલના નવા તબીબી અધિક્ષક તરીકે ચાર્જ સંભાળ્યો

## બર્ન્સ અને પ્લાસ્ટીક સર્જરી વિભાગના પ્રાધ્યાપક ડો. મોનાલી માકડીયાને ડો. રાધેશ્યામ ત્રિવેદીએ ચાર્જ સુપરત કર્યો : દર્દીઓના લાભાર્થે નક્કર કાર્યવાહી થશે : બર્ન્સ વોર્ડના વડાની જવાબદારી પણ નિભાવશે

ભારત હેડલાઇન, તા.૮

પીડીયુ સિવિલ હોસ્પિટલના તબિબી અધિક્ષક તરીકે તા. ૩-૦૪-૨૦૨૧ થી ચાર્જમાં રહેલા ફિજીયોલોજીના પ્રાધ્યાપક ડો. રાધેશ્યામ ત્રિવેદીને આ ચાર્જ માંથી આરોગ્ય વિભાગે મુક્ત કરી તેમના સ્થાને બર્ન્સ અને પ્લાસ્ટીક સર્જરી વિભાગના પ્રાધ્યાપક ડો. મોનાલી માકડીયાની નિમણુંક કરતાં ડો. રાધેશ્યામ ત્રિવેદી પાસેથી ડો. મોનાલી માકડીયાએ તબિબી અધિક્ષકનો ચાર્જ વિધીવત સંભાળી લીધો છે. તેમણે કહ્યું હતું કે હોસ્પિટલમાં દર્દીઓને સારી રીતે સારવાર મળે અને સરકાર માંથી દર્દીઓની સુવિધા વધે તે માટેના સતત અને નક્કર પ્રયાસો કરવામાં આવશે અને તેનો અમલ પણ કરાવવામાં આવશે. સિવિલ હોસ્પિટલના તબિબી અધિક્ષકના ચાર્જ માંથી ડો. આર.એસ. ત્રિવેદીને મુક્ત કરવાનો આદેશ થયા પછી તબિબી અધિક્ષકની ખાલી પડેલી જગ્યા પર બર્ન્સ એન્ડ પ્લાસ્ટીક સર્જરી વિભાગ વર્ગ-૧ના પ્રાધ્યાપક ડો. મોનાલી માકડીયાએ ચાર્જ સંભાળ્યો છે. તેમની પાસે પીડીયુ મેડિકલ કોલેજના અધિક ડીનનો વધારાનો હવાલો પણ હતો, તેમાંથી તેમને મુક્તિ આપવામાં આવી છે. ડો. મોનાલી માકડીયાએ કહ્યું હતું કે હોસ્પિટલના વડાની સાથે સાથે બર્ન્સ અને પ્લાસ્ટિક સર્જરી વિભાગના વડા તરીકેની પણ મારી જવાબદારી છે એટલે બંને જવાબદારી સાથે લઈને ચાલવામાં કયાંક પણ કચાસ રહે કે ભૂલ થઈ જાય તો ધ્યાન દોરવું.





તેમણે ચાર્જ સંભાળતા પહેલા રૂટિન સમયે હોસ્પિટલ પહોંચી પોતાની પહેલી ફરજ તેમના વિભાગના દર્દીઓના ઓપરેશનની કામગીરી પુરી કર્યા બાદ મેડિકલ કોલેજ ખાતે જઈ ડીન ડો.ભારતી પટેલની હાજરીમાં જરૂરી કાર્યવાહી પુરી કર્યા બાદ ચાર્જ સંભાળ્યો હતો. શરૂઆતમાં ડો. મોનાલી માકડીયા તબિબી અધિક્ષકનો ચાર્જ સંભાળવા રાજી નહોતાં. પરંતુ હોસ્પિટલની સ્થિતિ સુધરે, દર્દીઓને સારામાં સારી સુવિધા સારવાર મળે અને તે માટીની તમામ વ્યવસ્થા થઈ શકે તે હેતુથી સરકારના આદેશની અવગણના ન થાય તે માટે થઈને તેમણે આજે ચાર્જ સંભાળી લીધો હતો.

# ડો. શ્વેતા મહેતા ત્રિવેદીનું સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ મહિલા પરિષદ દ્વારા બહુમાન કરાયું



ભારત હેડલાઇન, તા.૮

રાજ સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ, ડો. યાજ્ઞિક રોડ, માલવીયા ચોક, ડો. શ્વેતા મહેતા ત્રિવેદી દ્વારા ગાયનેક ફ્રી નિદાન કેમ્પ યોજાયેલ, જેમાં સમાજની તેમજ અન્ય જ્ઞાતિના બહેનોએ નિઃશુલ્ક નિદાન તેમજ બ્લડ લેબોરેટરી રીપોર્ટ ફ્રી માં કેમ્પનો લાભ લીધેલ હતો. ડો શ્વેતા મહેતા ત્રિવેદી (એમબીબીએસ, ડીજીઓ, એફ,આઈ,એમ,એસ,ડી.સી.જી ) તેમની રાજ સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલમાં અતી આધુનિક સાધનો સહિતની તેમજુ એ.સી. ડીલકસ, સુપર ડીલકસ રૂમની સુવિધા ઉપલબ્ધ છે શ્રી સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિધા પ્રસારક મંડળ વિ.ડી.એમ.જોષી સ્મૃતિ ટ્રસ્ટ (મેડીકલ) તેમજ બાજ મહિલા પરીષદના ટવીકલ મહેતાની આગેવાની હેઠળ મહિલાઓની ટીમ દ્વારા ડો.શ્વેતા મહેતા ત્રિવેદીનું સન્માન કરેલ તેમ મંડળના માનદ્ મંત્રી વિપુલ દવેની યાદીમાં જણાવાયું છે.

# રિજિયોનલ સાયન્સ સેન્ટર દ્વારા પેપર બેગનું યોજાશે પ્રદર્શન



ભારત હેડલાઇન, તા.૮

તા.૧૨ જુલાઈ એટલે 'વર્લ્ડ પેપર બેગ ડે' નિમિત્તે ખાસ 'ઈકો ફ્રેન્ડલી પેપર બેગનું પ્રદર્શન' નું આયોજન છે. પ્રદર્શનમાં જાહેર જનતા તથા શાળા, કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે અને પોતે જાતે ડીઝાઈન કરેલ પેપર બેગ્સ પ્રદર્શિત કરી શકે છે. વર્લ્ડ પેપર બેગ દિવસ ઉજવવનો મુખ્ય હેતુ પ્લાસ્ટિકની થેલીઓ કરતાં પેપર બેગના પર્યાવરણને અનુકૂળ ફાયદાઓ અને પ્લાસ્ટિકની બેગથી પર્યાવરણ પર થતી હાનિકારક અસરો અંગે જનજાગૃતિ વધારવાનો છે. જેમાં કોઈપણ લોકો કે શાળા કોલેજના વિદ્યાર્થીઓ પોતાની સર્જનાત્મકતાથી વેસ્ટ વસ્તુઓ માંથી બનાવેલ ઈકોફ્રેન્ડલી પેપર બેગ પ્રદર્શિત કરી શકે છે. આ પ્રદર્શનમાં ભાગ લેવા માટે ઈચ્છુક કોઈપણ વ્યક્તિએ પોતાની પેપર બેગ ડીઝાઈન ઘરેથી બનાવીને સેન્ટર ખાતે પ્રદર્શનમાં રાખવાની રહેશે. આ પ્રદર્શનમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાય છે. રજીસ્ટ્રેશનની લીંક https://bit.ly/RSCReg છે. રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૧૧ જુલાઈ ૨૦૨૪ છે અને પ્રદર્શન તારીખ ૧૨ જુલાઈ ૨૦૨૪ તથા સમય સવારે ૧૧:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધીનો રહેશે. આ પ્રદર્શનમાં ભાગ લેનાર દરેક વ્યક્તિને પાર્ટીસીપેશન સર્ટીફીકેટ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે. પ્રદર્શનમાં ભાગ લેવા માટે કોઈ નિયત ફી રાખેલ નથી. ભાગ લેનારાઓ અને મુલાકાતીઓએ ફક્ત સેન્ટરની એન્ટ્રી પાર્કિંગ ટીકીટ લેવાની રહે છે. જે તે દિવસના નિયત કરાયેલ ટીકીટ દરો લાગુ રહેશે. વધું માહિતી માટે ૦૨૮૧ ૨૯૯૨૦૨૫ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# વૈષ્ણાવાચાર્ય દ્વારકેશલાલજી મહોદયને યુરોપીયન ઈન્ટરનેશનલ યુનિ. દ્વારા ડોકટરેટ પદવી કરાઈ એનાયત




ભારત હેડલાઇન, તા.૮

પૂ. શ્રી દ્વારકેશલાલજી મહોદય શ્રી (કડી અમદાવાદ) કે જેઓ એકમાત્ર પુષ્ટિમાર્ગ આચાર્ય છે. જેમણે વિશ્વના પાંચ ખંડોમાં હવેલીની સ્થાપના કરી અધ્યાત્મિક ચેતના જગાવી છે તેઓને 'જાશશિીંફિહ ક્યફમયતિવશા'ની ડોકટરેટની પદવી 'યુરોપિયન ઇન્ટરનેશનલ યુનિવર્સિટી' દ્વારા એનાયત કરવામાં આવી છે. આ સાથે જ શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીના ૫૦ માં જન્મદિનનો ઉપક્રમે આ આખું વર્ષ 'પૃથ્વી પરિક્રમા મહોત્સવ' અંતર્ગત ઉજવવામાં આવશે, જેમાં વિશ્વના ૫૦ દેશમાં 'પ્રાઉડ ટુ બી એ વૈષ્ણવ' અભિયાન હાથ ધરવામાં આવશે. વૈષ્ણવ સમાજના પ્રેરણામૂર્તિ આચાર્ય શ્રી દ્વારકેશલાલજી મહોદય શ્રી મહાપ્રભુજીના સત્તરમાં વંશજ છે સંસ્કૃત વિષયમાં માસ્ટર્સ સુધીનો અભ્યાસ કર્યો છે. શ્રીમદ ગીતા, શ્રીમદ ભાગવત ઉપનિષદ તથા સાથે વકતવ્યનો પણ ગુણ છે. શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીએ સમગ્ર વૈષ્ણવ સમાજને સંગઠિત કરવા આંતરરાષ્ટ્રીય વૈષ્ણવ સંઘની સ્થાપના કરી છે. જેની ભારત ઉપરાંત વિશ્વના અનેક દેશોમાં શાખાઓ સ્થાપવામાં આવી છે. પ્રતિવર્ષ હજારો કિલો મીટરની યાત્રા કરી તેઓશ્રી પ્રતિવર્ષ લાખો લોકોને પોતાની વાણીનો દિવ્ય લાભ આપી પુષ્ટિ ભકિતનો પ્રચાર કરી રહ્યા છે. શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી એવા એકમાત્ર વલ્લભકુળના આચાર્ય તરીકેનું ગૌરવ પ્રાપ્ત છે. જેમણે પાંચેય ખંડોમાં હવેલીની સ્થાપના કરી છે. સમગ્ર આફ્રિકા ખંડની સૌપ્રથમ હવેલી શ્રી વલ્લભધામ નારોબીની સ્થાપના કરવાનો શ્રેય તેમના ફાળે જાય છે. અમેરિકાના મેરીલેન્ડ રાજયમાં શ્રીનાથધામ હવેલી તેમણે સ્થાપી છે. ઓરડો ફલોરિડા યુએસએ ખાતે વૈષ્ણવ સંઘ એકેડમી તથા વ્રજધામ હવેલીનું નિર્માણ થયેલ છે. ઓસ્ટ્રેલિયામાં મેલબોર્નમાં શ્રીનાથ દ્વારા હવેલી સીડનીમાં વ્રજ હવેલી એડીલેડમાં શ્રી વ્રજધામ હવેલીની આપ શ્રી દ્વારા નિર્માણ થયેલ છે. ઈંગ્લેન્ડમાં લેસ્ટર શહેરમાં વ્રજધામ હવેલી તથા લંડન ખાતે સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિના ગૌરવ સમુહ શ્રીનાથધામ હેરો લંડન ખાતે નિર્માણ થયેલ છે. ભારતના અનેક શહેરોમાં હવેલીઓના નિર્માણ સાથે અમદાવાદમાં બોપલ વિસ્તારમાં ભકિતજામ નામથી વિશિષ્ટ સંકુલ આપ શ્રી દ્વારા નિર્મિત થયું છે. પુષ્ટિમાર્ગના સૌ પ્રથમ વિશિષ્ટ મોબાઇલ એપ ભકિત રેડિયો તેમની દ્વારા શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થી દત્તક યોજના વિશાળ પાયા પર ચલાવવામાં આવે છે. ક્રાંતિકારી વિચારો દ્વારા દેશ તથા વિદેશોમાં ખ્યાતિ પ્રાપ્ત કરી છે. ઇન્ટરનેશનલ વૈષ્ણવ સંઘ યુ-ટેબલ ચેનલના માધ્યમથી તેમના વચનામૃતનો લાભ લાખો વૈષ્ણવો લઇ રહ્યા હોવાનું એક યાદીમાં શ્રી બ્રિજભૂષણ વૈષ્ણવે જણાવ્યું છે.

# આરોગ્ય કેન્દ્રમાં નિયમિત સફાઇ જાળવવા મેયર નયનાબેન પેઢડિયાનો અનુરોધ

- મોરબી રોડ પરના કેન્દ્રની રૂબરૂ મુલાકાત લઇ વિવિધ સુચના આપતા મેયર



ભારત હેડલાઇન, તા.૮

રાજકોટ મહાનગર પાલિકાના મેયર નયનાબેન પેઢડીયા દ્વારા વોર્ડ નં.૪માં મોરબી રોડ જકાતનાકા પાસે આવેલ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી અને વિવિધ સુચના આપી હતી. આ મુલાકાત દરમ્યાન આરોગ્ય કેન્દ્ર ખાતે આવતા દર્દીઓની ઓ.પી.ડી.ની સંખ્યા, રસીકરણની કામગીરી, મમતા દિવસ અંગે કરવાની થતી કામગીરી, દવાઓનો જથ્થો, મેડીકલ સ્ટાફ તથા પેરામેડીકલ સ્ટાફની હાજરી અને દર્દીઓ સાથેનો વ્યવહાર, આરોગ્ય કેન્દ્રની સફાઈ વગેરે બાબતોની ચકાસણી કરવામાં આવેલ હતી. મેયર દ્વારા ચાલુ ચોમાસાની ઋતુ દરમ્યાન દર્દીઓએ ખાસ લેવાની થતી કાળજી અંગે માહિતગાર કરવા, ભાઈઓ તથા બહેનો માટે અલગ બેઠક વ્યવસ્થા રાખવા, આરોગ્ય કેન્દ્રની નિયમિત સફાઈ જાળવવા આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર તથા અન્ય સ્ટાફને સુચના આપવામાં આવી હતી.

# રોઝરી શાળામાં શપથ ગ્રહણ સમારોહ યોજાયો




ભારત હેડલાઇન, તા.૮

રોઝરી શાળાના પ્રાથમિક વિભાગના વિદ્યાર્થી ભાઇઓ, બહેનો પોતાની પારિવારિક, સામાજિક અને લોક ઉપયોગી જવાબદારીઓને સમજે તેવા હેતુથી રોઝરી શાળામાં એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોને કેપ્ટન, વાઇસ કેપ્ટન, પ્રીફેકટ અને મોનીટરના બેજ આપીને શપથ લેવડાવ્યા હતા. આ ખાસ પ્રસંગે શાળાના ટ્રસ્ટી ડો.વિશાલ વારીયાએ હાજર રહીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રોજેકટ 'લાઈફ' દ્વારા સુધીર તિવારીજીના સાનિધ્યમાં યોજાશે ધ્યાન સાધના શિબિર

ભારત હેડલાઇન, તા.૮

શ્રી સુધીર તિવારીજી કૈવલ્યધામના ચેરમેન અને ઈન્ડીયન યોગ એસોસીએશન ગવર્નિંગ કાઉન્સિલના મેમ્બર ઓ.પી. તિવારીજીના સુપુત્ર છે. જેઓ હાલ ટોરેન્ટો કેનેડાના રહેવાસી છે. શ્રી સુધીર તિવારીજી પ્રાણાયામ, ધ્યાન, જાપ અને આયુર્વેદના સિધ્ધાંત અનુસાર વર્કશોપ માટે સમગ્ર વિશ્વમાં પ્રવાસ કરે છે. તેના ભાગરૂપે લાઇફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેકટ 'લાઇફ' દ્વારા પ્રાણાયામ અને ધ્યાન સાધના શિબિરનું આયોજન તા.૨૨ થી ૨૭ જુલાઇ સુધી સવારે ૭ થી ૮:૩૦ અને સાંજે ૫ થી ૬:૩૦ સુધી રેસકોર્સ રીંગ રોડ પર આવેલ પ્રોજેકટ 'લાઇફ' બિલ્ડીંગ ખાતે કરાયું છે. ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. આ વર્કશોપમાં વહેલા તે પહેલાના ધોરણે મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે. વધુ માહિતી માટે મો. ૮૫૧૧૩ ૩૧૧૩૩ અથવા લેન્ડ લાઇન નં. ૦૨૮૧ ૨૪૭૯૧૩૩ ઉપર સંપર્ક કરવાં જણાવાયું છે.



# પડધરીમાં લગ્નની તૈયારી વચ્ચે યુવતીનો આપઘાત

ભારત હેડલાઇન, તા.૮

રાજકોટ જિલ્લાના પડધરી ગામે રહેતા રીનાબેન નઘાભાઇ રાઠોડ ઉ.૧૮એ શનિવારે પોતાના ઘેર એસિડ પી જતા સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાયા હતા જેનું સારવાર દરમિયાન મોત નીપજતા પડધરી પોલીસ મથકના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક બે બહેનો અને એક ભાઇમાં મોટા હોવાનું અને માતા-પિતા ખેતમજૂરી કરતા હોવાનું તેમજ તેણીની સગાઇ પણ થઇ ગઇ હોવાનું જાણવા મળ્યું તાજેતરમાં જ તેના લગ્ન હોવાનું પરિવારે જણાવ્યું હતું પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.